# પ્રકરણ : ૬
# કટોકટીમા મોરારજીભાઈનો જેલવાસ

-કેરસી દેબુ

સત્તાની સાઠમારીમા ૧૯૬૯ મા કોંગ્રેસના ભાલગા પડી ગયા હતા. ઈન્દિરાજીના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ "કોંગ્રેસ - આઈ" અને મોરારજીભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ "કોંગ્રેસ – ઓ" તરીકે ઓળખાતી. ઈન્દિરાજીને જવાહરલાલના પુત્રી હોવાનો સીધો લાભ મળ્યો હતો. જયારે મોરારજીભાઈને બહુ જુજ લોકો સમર્થન કરતા હતા. ઈન્દિરાજી ભારતના વડાપ્રધાન બની શકયા જયારે યોગ્યતા હોવા છતાં મોરારજીભાઈએ સર્વોચ્ચ પદથી વંચિત રહ્યા હતા.

૧૯૭૧ ની ચૂંટણીમા ઈન્દિરાજીની કોંગ્રેસને બહુમતી મળી અને ત્યાર પછી કેટલાક એવા બનાવો બન્યા. જેથી લોકોમા કોંગ્રેસ પ્રત્યે અણગમો પેદા થવા લાગ્યો હતો. ઈન્દિરાજી લગભગ સરમુખત્યારની જેમ વર્તતા હતા અને અન્ય પ્રધાનો પણ બે-ફામ બન્યા હતા.

"ભ્રષ્ટાચાર એ વિશ્વવ્યાપી છે" એવી ઈન્દિરાજીની દલીલથી લોકોમાં ગુસ્સો હતો. મોંઘવારી અસહ્ય થઈ પડી હતી અને ઈન્દિરાજીનું "ગરીબી હટાવો" સુત્ર નિષ્ફળ ગયું હતું.

૧૯૭૪ મા ગુજરાતમા નવનિર્માણના આંદોલન પછી ભારતભરમા કોંગ્રેસ વિરૂધ્ધ દેખાવો થવા લાગ્યા હતા. બિહારમા જયપ્રકાશ નારાયણના નેતૃત્વમા આંદોલન શરૂ થયુ હતુ.

૧૨ મી જુન ૧૯૭૫ ના દિવસે અલ્હાબાદ હાઈકોર્ટે ઈન્દિરાજીની ચૂંટણી રદ કરી અને છ વર્ષ સુધી અન્ય ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકયો. બીજી તરફ તે જ દિવસે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમા કોંગ્રેસનો પરાજય થયો અને વિરોધ પક્ષની સરકાર અસ્તિત્વમા આવી. આમ, કોંગ્રેસ માટે આપત્તિજનક સમાચારો આવ્યા.

આ પરિસ્થિતમાં ઈન્દિરાજીએ રાજીનામુ આપવું જોઈએ એવી વ્યાપક માન્યતા હતી પરંતુ ઈન્દિરાજીના સલાહકારો તેઓને ગેરમાર્ગે દોરતા હતા. અધુરામા પુરૂં તા.૨૩ મી જુન ૧૯૭૫ ના દિવસે દિલ્હીના રામલીલા મેદાનમા મોરારજીભાઈના પ્રમુખપદે થયેલી રેલી પછી સરકારના પાયા હચમચી ગયા હતા.

તા.૨૫ મી જુનના રાત્રીના સમયે કટોકટીની ઘોષણા કરવામા આવી જેમાં મોરારજીભાઈ સહિત લગભગ તમામ વિરોધપક્ષના નેતાઓની ધરપકડ સવાર થાય તે પહેલા કરી દીધી હતી. વહેલી સવારે ચાર વાગ્યે મોરારજીભાઈને જગાડીને તેઓની ધરપકડનું વોરંટ બજાવવામાં આવ્યું. મોરારજીભાઈએ કશી દલીલ ન કરતા પોતાને નિત્યક્રમ પુર્ણ કરવા વિનંતિ કરી જે માન્ય રાખવામાં આવી. મોરારજીભાઈને "સોહના રીસોર્ટ" ખાતે લઈ જવામાં આવ્યા જયાં એક રૂમમા મોરારજીભાઈને રાખવામાં આવ્યા.

અખબાર મેળવવા માટે મોરારજીભાઈએ સત્યાગ્રહની ધમકી આપવી પડી હતી. તે પ્રમાણે શરૂઆતમા તેઓના રૂમને બહારથી તાળુ મારવા અંગે પણ મોરારજીભાઈએ વાંધો ઉઠાવતા તાળુ મારવાનું બંધ થયું હતું. મોરારજીભાઈએ કરેલી માગણી પ્રમાણે ખાદીના કપડાં તથા પગરખાં આપવામાં આવ્યા હતા. અહીં જેલમા તેઓએ રાંધેલા ખોરાકનો કાયમ માટે ત્યાગ કરવાનો અને માત્ર દૂધ, ફળ અને સુકો મેવો ખાવાનો નિર્ણય કર્યો હતો. તે પ્રમાણે જેલમા તેઓની ઈચ્છા પ્રમાણે તો "ખોરાક" મળતો હતો.

જેલના ઓરડામા માત્ર બારેક ફૂટનું જ અંતર હોવાથી તેઓની રોજીંદી ચાલવાની પ્રવૃતિ પર મર્યાદા આવી ગઈ હતી પરંતુ તેઓ ઓરડામા કલાકો સુધી ચાલતા હતા.

લગભગ એક મહિના પછી મોરારજીભાઈને હરિયાણાના ટાવરૂ **TAORU** ખાતે આવેલ સરકારી બંગલામા મોકલી દેવામાં આવ્યા. અહીં તેઓને બંગલા બહાર ફરવાની છૂટ આપવામાં આવી. જયાં તેઓ સવાર સાંજ ૩૦-૪૦ મિનિટ સુધી ચાલતા હતા.

મોરારજીભાઈ પોતીની આત્મકથાના ૨૭ મા પ્રકરણમા જેલવાસ દરમ્યાન પોતાના નિત્યક્રમને નીચે મુજબ વર્ણવ્યો છે.

અટકાયતના એ દિવસોમાં મારો રોજીંદો જીવનક્રમ કેવો હતો? સોહ્ના ગેસ્ટ હાઉસમાં પ્રાત:કાળે ચાર વાગ્યે હું જાગી જતો. ત્યાંથી મને ૩૦ મી જુલાઈએ **TAORU** ખાતે ફેરવવામાં આવ્યો હતો. ત્યાં મેં ત્રણ વાગ્યે ઉઠવાનો સંકલ્પ કર્યો હતો. ત્યાં હું થોડો વહેલો સૂઈ જતો. મારો રોજીંદો જીવનક્રમ નીચે પ્રમાણે હતો :

- ૩:૦૦ વહેલી સવારે ઉઠતી વેળાએ ટૂંકી પ્રાર્થના, પ્રાત:ક્રિયાઓ – કુદરતી હાજતો, એકાંતરે હજામત અને સ્નાન.
- ૪:૧૫ પૂજા, મારી પેટીમાં મારી પૂજાની સામગ્રી હું જોડે લઈ ગયો હતો. પુષ્પો વિના હું મારી પૂજા કરતો. પૂજા દરમ્યાન હું ગીતાપાઠ કરતો.
- ૫:૦૦ એક કલાક સુધી પદ્માસન
- ૬:૦૦ એક કલાક સુધી ફરવા જતો ને ચાલતાં ચાલતાં ગીતાપાઠ કરતો. સવારના ફરવા જતી વેળાએ આખી ગીતાનો હું પાઠ કરતો (આગળ જણાવ્યું છે તેમ શરૂઆતનાં ત્રણ કે ચાર સપ્તાહ તો મેં મારા ખંડમાં જ આંટા મારવાનું રાખેલું.)
- ૭:૦૦ દૂધ
- ૭:૩૦ કાંતણ, વાચન. કાંતણ દરરોજ હું અચુકપણે ૧૦૦૦ મીટર કાંતતો. કેટલાક દિવસો ૨૦૦૦ મીટર ને **TAORU** ખાતે એમ મહિના સુધી દરરોજના ૩૦૦૦ મીટર છ કલાક દરમ્યાન કાંતતો હતો.
- ૧૦:૩૦ સવારનું ભોજન : ગાયનું દૂધ, કેરી, સફરજન ને ચીકુ જેવાં ફળો. કયારેક લાંબો સમય ચાલે એવાં ફળો પદ્મા લાવતાં અને જાળવી રાખવાને રેફ્રીજરેટર ત્યાં હતું. ભોજન પછી એક કલાક સુધી આરામ. સૂવાનું નહીં પણ માત્ર લાંબા થઈ પડી રહેવાનું રાખતો.
- ૧:૦૦ એક કલાક સુધી પદ્માસન ને ગાયત્રી મંત્રનો જપ.
- ૨:૩૦ વાચન અને કાંતણ. મારી વિનંતીને માન આપીને ફરજ પરના અધિકારી મારા માટે રામચરિતમાનસ લઈ આવ્યા હતા.
- ૫:૦૦ ત્રીસ-ચાળીસ મીનીટ સુધી સાંજે ફરવા જવાનું
- ૬:૦૦ સાંજનું ભોજન, દૂધ અને ફળ
- ૬:૪૫ પ્રાર્થના અને એક કલાક સુધી પદ્માસન
- ૯:૦૦ ઊંઘી જતાં પહેલાં ટૂંકી પ્રાર્થના અને શયન

મોરારજીભાઈને પૂરા ઓગણીસ માસ સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. તે અંગે તેઓએ લખ્યું છે :

"અટકાયતના ઓગણીસ મહિનાઓ મારા આયુષ્યકાળનો ખૂબ ફાયદાકારક સમય હતો. આ માટે હું શ્રીમતી ગાંધીનો જાહેર આભાર માનું છું. ખરેખર તો મારો જેલવાસ એ પ્રભુની ઈચ્છા હતી. એ વાતમાં મારા મનમાં સહેજે શંકા નથી. શ્રીમતી ગાંધી તો ભગવાનની ઈચ્છાનું નિમિત્ત હતાં એટલે તેમની નિંદા કરવાનો મારો માટે કોઈ પ્રશ્ન જ નથી. મારા અટકાયતના દિવસો દરમ્યાન તુલસીદાસજીના રામાયણનું મેં પાંચ વખત અધ્યયન કર્યું હતું. રામચરિત માનસના આ સતત સંપર્કથી મને પ્રતીતિ થઈ છે કે કર્મના જેટલી જ ભક્તિની જરૂર છે. કર્મ અને ભક્તિ તો એક જ છે. કર્મ જયારે અગ્રભાગમાં હોય છે, ત્યારે ભક્તિ પૂરક હોય છે અને ભક્તિ જયારે અગ્રભાગમાં હોય છે તુઆરે કર્મ પૂરક હોય છે. ભક્તિ એટલે પરમકૃપાળુ પરમાત્માના ચરણે સંપૂર્ણ અને નિ:શેષ સમર્પણ. આવા સમર્પણ વિના અનાસકત કર્મ સંભવિત નથી. હું સંપૂર્ણ સમર્પણ કરી શકયો નહોતો એ વાત મને મારા અટકાયતના દિવસો દરમ્યાન સ્પષ્ટપણે સમજાઈ ગઈ. એ મારો સૌથી મોટો ફાયદો હતો."

અટકાયત દરમ્યાન મોરારજીભાઈ ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. તુલસીદાસજીના રામાયણનું પાંચ  વખત અધ્યયન કર્યું હતું. રામાયણનું ત્રણેક વખત અધ્યયન કર્યું.

શરૂઆતમાં મોરારજીભાઈ મુલાકાતીઓને મળી શકતા ન હતા પરંતુ તેઓના વકીલ અને પુત્રવધુ પદમાબેને અદાલતમા જઈ મુલાકાતની માગણી કરતા મુલાકાત આપવામાં આવી હતી. પાછળથી યોગ્ય મંજુરી લઈ કેટલાકે મુલાકાત કરી હતી.

આ મુલાકાતો પૈકી એક ખૂબ જ મહત્વની મુલાકાતનું વિશેષ મહત્વ હતું. જેની ચર્ચા હવે પછી કરીશું.